

# પરિષદવૃત્ત

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

## રવીન્દ્રભવનના ઉપક્રમે સુજ્ઞાબહેન શાહનું વક્તવ્ય

પરિષદ-સંચાલિત રવીન્દ્રભવનના ઉપક્રમે તા. ૬-૧૦-૨૦૧૦ના રોજ શ્રીમતી સુજ્ઞાબહેન શાહે ‘અવનીન્દ્રનાથની નજરે રવીન્દ્રનાથ ટાગોર’ વિષય પર વક્તવ્ય આપ્યું હતું. ‘ઘરોબા’ અને ‘ગુરુદેવ’ બે પુસ્તકોના આધારે તેમણે રવીન્દ્રનાથનાં અંતરંગ જીવનનાં કેટલાંક લાક્ષણિક પાસાંઓને રસપ્રદ શૈલીમાં ઉપસાવી આપ્યાં. શ્રોતાઓએ આનંદપૂર્વક આ વિશિષ્ટતાઓને માણી.

## ‘માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ’

ગુજરાતી સાહિત્ય પરિષદ-સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર અને માતૃભાષા-સંવર્ધન કેન્દ્ર દ્વારા આયોજિત માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમના પ્રમાણપત્ર-વિતરણનો કાર્યક્રમ શ્રી અનિલા દલાલની અધ્યક્ષતામાં અને શ્રી કુમારપાળ દેસાઈના અતિથિવિશેષપદે તા. ૨૧-૧૦-૨૦૧૦ના રોજ સાંજે ૫.૦૦ કલાકે યોજાયો હતો.

કાર્યક્રમના પ્રારંભે શ્રી રતિલાલ બોરીસાગરે ભૂમિકારૂપ વક્તવ્ય આપ્યું હતું, જેમાં તેમણે માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમનું આયોજન સફળ થયું છે તેનો આનંદ પ્રગટ કર્યો હતો. શ્રી યોગેન્દ્ર વ્યાસે મુખ્ય વક્તવ્યમાં માતૃભાષાની સભાનતા વિશે વિગતે ચર્ચા કરી હતી. શ્રી કુમારપાળ દેસાઈએ અતિથિવિશેષ તરીકેના વક્તવ્યમાં ‘માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ’નો પ્રારંભ થયો અને સફળ થયો તેનો આનંદ પ્રગટ કર્યો હતો અને ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક શ્રી રણજિતરામ વાવાભાઈ મહેતાની યાદ તાજી કરી હતી. ગુજરાતી સહિત્ય પરિષદના પૂર્વ પ્રમુખશ્રી ધીરુબહેન પટેલે વિશેષ અતિથિ તરીકે આ સભાની શોભા વધારી હતી. તેમણે માતૃભાષાના મહિમાની ચર્ચા કરી હતી અને મુંબઈમાં ‘મહિમા માતૃભાષાનો’ અભિયાન શરૂ કર્યું છે, તેની વાત કરી હતી. શ્રી પિંકી પંડ્યાએ અધ્યાપનની પ્રક્રિયા વિશેના વક્તવ્યમાં નવું જાણવાની જિજ્ઞાસાવાળા વિદ્યાર્થીઓ સાથેની ચર્ચાથી આ અભ્યાસક્રમની સફળતા ચીંધી આપી હતી અને ઉમેર્યું હતું કે શ્રી ધીરુબહેન પટેલની નવલકથા ‘વાંસનો અંકુર’ વિરામચિહ્નોને લીધે પણ વાંચવા યોગ્ય છે. શ્રી રૂપાબહેન શેઠે પ્રથમ બેચના વિદ્યાર્થી તરીકે અને શ્રી કૈવનકુમાર શાહે બીજી બેચના વિદ્યાર્થી તરીકે પ્રતિભાવો આપ્યા હતા. અધ્યક્ષશ્રી અનિલા દલાલે માતૃભાષા પ્રત્યેની સભાનતા વિશે વિગતે ચર્ચા કરી હતી. બધા જ ઉપસ્થિત મહાનુભાવોએ બંને બેચના ૫૬ વિદ્યાર્થીઓને ‘માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ’નાં પ્રમાણપત્ર વિતરણ કર્યાં હતાં. શ્રી ક. લા. સ્વાધ્યાય મંદિરનાં કાર્યકારી નિયામકશ્રી પારુલ કંદર્પ દેસાઈએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

**– ઇતુભાઈ કુરકુટિયા**



## સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણી

ગુજરાતી સાહિત્ય પરિષદ-સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણીનું સાતમું વ્યાખ્યાન તા. ૯ ડિસેમ્બર, ૨૦૧૦ ને ગુરુવારે સાંજે ૫.૦૦ કલાકે ડૉ. યોગેન્દ્ર વ્યાસ ‘સંસ્કૃત શબ્દશક્તિઓ અને પાશ્ચાત્ય શબ્દાર્થવિચાર’ વિશે આપશે.

## ‘પાક્ષિકી’માં દીવાન ઠાકોરનું વાર્તાપઠન

ગુજરાતી સાહિત્ય પરિષદ-સંચાલિત ‘પાક્ષિકી’ના ઉપક્રમે તા. ૭-૧૦-૨૦૧૦ ને ગુરુવારે સાંજે ૬.૦૦ કલાકે શ્રી દીવાન ઠાકોરે તેમની ‘કૉફી કપમાં સાંજ’ વાર્તાનું પાઠન કર્યું હતું, જેમાં વાર્તારચનાની પ્રક્રિયાની રસપદ ચર્ચા થઈ હતી.

## ‘પાક્ષિકી’માં અભિમન્યુ આચાર્યનું વાર્તાપઠન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ‘પાક્ષિકી’ના ઉપક્રમ તા. ૨૧-૧૦-૧૦ ને ગુરુવારે સાંજે ૬.૩૦ કલાકે શ્રી અભિમન્યુ આચાર્યએ તેમની ‘ગ્રંથપાલ’ વાર્તાનું પઠન કર્યું હતું, જેમાં ભાવકોએ વાર્તાની ચર્ચા કરતાં વાર્તાના અંત અને વાર્તામાં વધુ ઊંડાણની જરૂર છે એવો અભિપ્રાય આપ્યો હતો.

## રા. વિ. પાઠક સભાગૃહ રીનોવેશન માટે મળેલ દાન

શ્રી અજય ઉમટ, અમદાવાદ — રૂ. ૨૧૦૦૦/-

## ગુજરાતી સાહિત્ય પરિષદ : છવ્વીસમું જ્ઞાનસત્ર

સ્થળ : મોડાસા (જિ. સાબરકાંઠા) તા. ૨૪-૨૫-૨૬ ડિસેમ્બર-૨૦૧૦
યજમાન સંસ્થા : એમ. એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, (મોડાસા)
જ્ઞાનસત્ર અધ્યક્ષ : શ્રી ભગવતીકુમાર શર્મા

### જ્ઞાનસત્રનો વિગતવાર કાર્યક્રમ

**પહેલી બેઠક** : તા. ૨૪-૧૨-૨૦૧૦, શુક્રવાર, બપોરના ૨-૩૦થી ૫-૧૫

**ઉદ્ઘાટન બેઠક**

| | | |
|---|---|---|
| દીપપ્રાકટ્ય | : | પૂ. મોરારિબાપુ (મહુવા) |
| સ્વાગત | : | ડૉ. એ. એન. શાહ |
| પરિષદ વહીવટી મંત્રી | : | શ્રી રાજેન્દ્ર પટેલ |
| પ્રાસંગિક | : | શ્રી ભોળાભાઈ પટેલ |
| | | શ્રી રઘુવીર ચૌધરી |
| | | (ટ્રસ્ટી કે પૂર્વપ્રમુખ) |
| આશીર્વચન | : | પૂ. મોરારિબાપુ |
| અધ્યક્ષ | : | શ્રી ભગવતીકુમાર શર્મા |

સમાપન, આભાર : શ્રી અનિલાબહેન દલાલ

વિરામ-ભોજન

સાંજે ૬.૩૦થી ૮.૦૦

**બીજી બેઠક** : રાત્રે ૮.૦૦થી ૮.૪૫ પારિતોષિક વિતરણ

સંચાલન : પ્રફુલ્લ રાવલ

અધ્યક્ષ : ભગવતીકુમાર શર્મા

**ત્રીજી બેઠક** : રાત્રે ૯.૦૦થી ૧૦.૦૦ કાવ્યાસ્વાદ

ઉમાશંકર જોશી કવિતા : પાઠ અને ગાન

પ્રસ્તુતિ : શ્રી અમર ભટ્ટ અને વૃંદ

અધ્યક્ષ : નીતિન વડગામા

તા. ૨૫-૧૨-૨૦૧૦, શનિવાર

સવારે ૮.૦૦થી ૯.૦૦ ગુજરાતી સાહિત્ય પરિષદની કાર્યવાહક તથા મધ્યસ્થ સમિતિ સંયુક્ત બેઠક

**ચોથી બેઠક** : ૯.૦૦થી ૧.૦૦

સર્જક વિશેષ : ઉમાશંકર જોશીનું વિવેચન-સંશોધન

અધ્યક્ષ : શ્રી શિરીષ પંચાલ

બીજરૂપ વક્તવ્ય : શ્રી ચંદ્રકાન્ત શેઠ

શૈલી અને સ્વરૂપ : શ્રી અશ્વિન દેસાઈ

સંસ્કૃત સાહિત્યની વિવેચના : શ્રી ભોળાભાઈ પટેલ

મધ્યકાલીન સાહિત્યનું વિવેચન અને સંશોધન : શ્રી નરોત્તમ પલાણ

સમકાલીન કવિતા ને કૃતિનિષ્ઠ વિવેચન : શ્રી ઉષા ઉપાધ્યાય

**પાંચમી બેઠક** : બપોરના ૩.૦૦થી ૬.૦૦

બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૦૮-૨૦૦૯)

અધ્યક્ષ : શ્રી રતિલાલ બોરીસાગર

કવિતા : શ્રી અનિરુદ્ધસિંહ ગોહિલ

નાટક : કવિતા શુક્લ

નવલકથા : રાજેન્દ્રસિંહ ગોહિલ, વિપુલ પુરોહિત

ટૂંકી વાર્તા : પન્ના ત્રિવેદી

નિબંધ : વિનોદ ગાંધી

બાળસાહિત્ય : યશવંત મહેતા

વિવેચન, સંશોધન, સંપાદન : યોગેન્દ્ર પારેખ



અનુવાદ : હેમાંગ દેસાઈ

રાત્રિબેઠક : રાત્રે ૯.૦૦થી યજમાન સંસ્થા આયોજિત કાર્યક્રમ

તા. ૨૬-૧૨-૧૦, રવિવાર

**છઠ્ઠી બેઠક** : સવારે ૮.૦૦થી ૧૦.૧૫

સાહિત્યસ્વરૂપ : ટૂંકી વાર્તા – છેલ્લા ત્રણ દાયકાની ટૂંકી વાર્તાની ઉપલબ્ધિ

અધ્યક્ષ : શ્રી શરીફા વીજળીવાળા

કાલ અને આજ : મણિલાલ હ. પટેલ

સ્વરૂપ : શ્રી અજય રાવલ

પ્રવાહ : દર્શન : શ્રી જગદીશ ગૂર્જર

**સાતમી બેઠક** : બપોરના ૧૦.૩૦થી ૧૨.૪૫

યજમાન સંસ્થા તરફથી સાહિત્યની બેઠક

**આઠમી બેઠક** : ૧૨-૪૫થી ૨.૩૦

સમાપન બેઠક

**નોંધ :** (૧) જ્ઞાનસત્રમાં ભાગ લેવા ઇચ્છતાં સૌ તા. ૧૫-૧૨-૨૦૧૦ સુધીમાં ભોજન ઉતારા-ફી અને પ્રતિનિધિ શુલ્કના રૂ. ૩૦૦/- તથા વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૫૦/- ગુજરાતી સાહિત્ય પરિષદ કાર્યાલય, અમદાવાદને **તા. ૧૫-૧૨-૨૦૧૦** સુધીમાં મોકલી આપવા વિનંતી.

S

**શ્રી વિપિન પરીખની વિદાય**

કવિ-નિબંધકાર વિપિન પરીખનું મુંબઈમાં તા. ૧૪-૧૦-૨૦૧૦ના રોજ અવસાન થયું છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ.

# સાહિત્યવૃત્ત

**સંકલન : ઇતુભાઈ કુરકુટિયા**

## પ્રેમાનંદ સાહિત્ય સભાની સાહિત્યસર્જક ડૉ. ગોપાલ શાસ્ત્રીને શ્રદ્ધાંજલિ

પ્રસિદ્ધ સાહિત્યસર્જક ડૉ. ગોપાલ શાસ્ત્રીનું દુઃખદ અવસાન થયું છે. પ્રેમાનંદ સાહિત્ય સભાના તેઓ પૂર્વટ્રસ્ટી હતા. તેમનાં મીઠાં સ્મરણો યાદ કરી, સંસ્થાના સર્વ ટ્રસ્ટીશ્રીઓ તેમજ સભ્ય ભાઈ-બહેનો અને સૌ સાહિત્યપ્રેમીઓ વતી સંસ્થાના પ્રમુખ ચંદ્રકાંત રાવ, કાર્યવાહક પ્રમુખ સુરેશ શાહે અને મંત્રી વિરંચિ ત્રિવેદીએ અંતઃકરણપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પી હતી.

## 'વિચાર-ગોષ્ઠિ'

'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત 'વિચાર-ગોષ્ઠિ' શ્રી ઈશ્વર પટેલ, ૫૦, દિવાળી બાગ સોસા., રાંદેર રોડ, સુરતમાં તા. ૩-૧૦-૧૦ના રોજ કવિશ્રી પ્રેમદાન 'ભારતીય'એ સ્વરચિત હિન્દી મહાકાવ્ય 'લોહપુરુષ સરદાર'નો રસપ્રદ આસ્વાદ કરાવ્યો હતો.

## 'વાંચે ગુજરાત'

ગુજરાતી સાહિત્ય પરિષદ-પ્રેરિત 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત તથા અખિલ હિંદ મહિલા પરિષદ બૃહદ સુરત શાખા વાચકમંચ દ્વારા 'મને ગમતું પુસ્તક'ના કાર્યક્રમ અંતર્ગત તા. ૧-૧૦-૧૦ના રોજ શ્રી ભગવતીકુમાર શર્માના પ્રમુખપદે શ્રી હિમાંશીબહેને આશા બગેની મરાઠી નવલકથા 'ભૂમિ'નો આસ્વાદ કરાવ્યો હતો.

## શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ – વ્યાખ્યાનમાળા

સર્વ વિદ્યાલય કડી પરિસરમાં ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ, કડીના સંયુક્ત ઉપક્રમે 'શ્રી ચન્દ્રકાન્ત શેઠ પ્રેરિત બાલમિત્ર વ્યાખ્યાનમાળા' શ્રેણીનું વ્યાખ્યાન, શ્રી રમેશ ત્રિવેદીએ કવિ રમેશ પારેખના બાળકાવ્યસંગ્રહ 'ચીં'નાં કાવ્યોમાં કથાતંતુ ગુંફન' વિશે વ્યાખ્યાન આપ્યું હતું. અધ્યક્ષશ્રી માણેકલાલ પટેલે અધ્યક્ષીય વક્તવ્ય અને શ્રી મોહનલાલ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

## ગુજરાત પુસ્તકાલયે ગાંધીજી વિશેની ક્વિઝનો કાર્યક્રમ યોજ્યો

ગાંધીજીનાં જીવન અને કાર્યોથી શ્રોતાઓ વધુ પરિચિત થાય એ આશયથી, ગુજરાત પુસ્તકાલય સ. સ. મ. લિ., વડોદરા દ્વારા ક્વિઝના જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. 'વાંચે ગુજરાત' અભિયાનની ભાવનાને અનુરૂપ આ કાર્યક્રમ પૂ. બાપુના જન્મદિને રેંટિયા બારસના રોજ યોજવામાં આવ્યો હતો, જેનું સંચાલન શ્રી



જયેન્દ્રભાઈ શાહે કર્યું હતું.

## પુષ્પવૃષ્ટિથી 'મહેકનો અભિષેક' ગ્રંથનું મઘમઘતું સ્વાગત અને કવિતાપઠન

કવિશ્રી હર્ષદ ચંદારાણાના પ્રથમ ગદ્યગ્રંથ 'મહેકનો અભિષેક'નો સ્વાગત-સમારોહ 'ગ્રંથ-સ્વાગતમ્' અનેરા ઉત્સાહ અને ઉમંગથી અમરેલીની પ્રતાપરાય આર્ટ્સ અને કમાણી સાયન્સ કૉલેજમાં તા. ૨૪ જુલાઈના રોજ સંપન્ન થયો. જેમાં મનોહર ત્રિવેદીએ હર્ષદ ચંદારાણા વિશેના આ અવસર માટે લખેલા દુહાઓ સંભળાવ્યા હતા. રાજેશ વ્યાસ 'મિસ્કીને' હર્ષદ ચંદારાણાના વ્યક્તિત્વને ખોલી આપતી કવિની સ્વ-પરિચય આપતી ગઝલ વિશે વાત કરી હતી. ગ્રંથ-સ્વાગત પૂરું થયા પછી શ્રી હર્ષ બ્રહ્મભટ્ટની અધ્યક્ષતામાં રાજેશ વ્યાસ, મનોહર ત્રિવેદી, હર્ષદ ચંદારાણા, હરજીવન દાફડા, લાલજી કાનપરિયા, દિલીપ વ્યાસ, જયંતી પટેલ, પ્રણવ પંડ્યા, બાલકિશન જોગી, વિનોદ રાવળ, કેતન કાનપરિયા વગેરેએ કવિતાપઠન કર્યું હતું.

## વિમોચન-સમારંભ

શ્રી શિવદાન ગઢવી-સંશોધિત તેમજ સંપાદિત ગ્રંથ 'ડંડા રે દીધા લંકાની દોઢીયે' તેમજ શ્રી શિવદાન ગઢવી અને દોલત ભટ્ટની સંયુક્ત કલમે કંડારાયેલ ગ્રંથ 'યાદ એમની આવતી'નો વિમોચન સમારંભ શ્રી વસંતભાઈ ગઢવીના અધ્યક્ષસ્થાને તા. ૨૫-૭-૧૦ના વારાણા મુકામે આઈ ખોડિયાર ધામ સભાખંડમાં યોજાયો હતો.

## 'મને ગમતું પુસ્તક' વાર્તાલાપશ્રેણીનો ભાવનગર શહેરને સુંદર પ્રતિસાદ

'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત ગુજરાતી સાહિત્ય પરિષદ-પ્રેરિત 'મને ગમતું પુસ્તક' વાર્તાલાપશ્રેણીનાં વિવિધ સંસ્થાઓના માધ્યમથી થયેલાં આયોજનોથી કલાસાહિત્યનગરી ભાવનગરનો સુંદર પ્રતિસાદ ઊભો થયો હતો. તા. ૩-૭-૨૦૧૦થી ૧૦-૭-૧૦ દરમિયાન આશરે દસેક સંસ્થાઓએ ભાવનગરના પ્રતિષ્ઠિત સાહિત્યકારોનાં વ્યાખ્યાનોનાં આયોજનો હાથ ધર્યાં હતાં. તા. ૩-૭-૧૦ના રોજ, મ. ચ. ગાંધી મહિલા કૉલેજના હૉલમાં શ્રી ધીરેન વૈષ્ણવે 'ધ અલ્ટિમેટ ગિફ્ટ' વિશે વાર્તાલાપ, તા. ૩-૭-૧૦ના રોજ અહિરછત્ર સંસ્કાર કેન્દ્રમાં પ્રા. આર. ડી. શુક્લએ ભવભૂતિરચિત 'ઉત્તરરામચરિત'નો રસાસ્વાદ કરાવ્યો હતો. તા. ૪-૭-૧૦ના રોજ મહેન્દ્ર ઓઘારિયાએ જેન ઑસ્ટીનકૃત 'પ્રાઇડ ઍન્ડ પ્રેજ્યુડીસ'નો ગઝલ વિદ્યાપીઠમાં આસ્વાદ કરાવ્યો હતો અને 'નેસ્ટ પ્લે હાઉસ'માં શ્રી અજય પાઠકે કલાપીના કેકારવમાંથી 'હૃદય-ત્રિપુરી' કાવ્યનો પરિચય કરાવ્યો હતો. તા. ૬-૭-૧૦ના બાર્ટન લાઇબ્રેરીમાં નરોત્તમ પલાણકૃત નવલકથા 'હૂ હૂ' વિશે ડૉ. મહેન્દ્રસિંહ પરમારે વાત કરી હતી. ૭-૭-૧૦ના રોજ શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરાંમૂંગા શાળાના મહાવીર ઓડિટોરિયમમાં પ્રા. ડૉ. વિનોદ જોશીએ કવિ કાલિદાસરચિત 'અભિજ્ઞાન-શાકુંતલ' વિશે વાર્તાલાપ આપ્યો. ૯-૭-૧૦ના રોજ ડૉ. રક્ષાબહેન દવેએ 'ગીતા સુગીતા કર્તવ્યા' પુસ્તક વિશે ભાવનગર જિલ્લા જેલમાં પ્રવચન આપ્યું. ૧૦-૭-૧૦ના રોજ બળવંત પારેખ નગરીમાં શ્રી અજય પાઠકે 'ઉમાશંકર